Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;
નેહયુક્ત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૨ મું. સં. ૧૯૬૨ અષાડ અંક ૪ થો.

## परदारा गमन करवाथी थता गेरफायदा.

( રાગ ચંદ્રહાસના રાસડાનો. )

બંધુ પરનારીની પ્રિત તજો સહુ પરહરોરે,
નથી સાર એમાં જાણો તલ ભાર;
શાણા શીખામણ સાચી આ ઉરમાં ધરોરે.
જે નર ફસાયા છે પરનારીના ફંદમાંરે,
તેને સુખ કદી આવે ન લગાર; શાણા૦ ૧

સાખી.

હોય ઘણું પરનારમાં, લખ્યું શાસ્ત્ર મોઝાર;
અણધાર્યું મૃત્યુ બને, ભોગવતા પરનાર.
નહિ ગમે તને ધંધો કરવો તાહરોરે;
જીવ તારો કદી રહે નહિ હાર; શાણા૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાખી.

લોહી માંસ ચુસી જઇ, પિંજર કરશે દેહ;
દોલત સઘળી ધૂતીને, ધક્કો મારશે એહ.
મન મેલું રાખી મળે તને પ્રિતથીરે,
બાદલ છાયા જેવો જાણો તેનો પ્યાર. શાણુા૦ ૩

સાખી.

લાજ ઘટે તુજ કુળતણી, ઘટે તાહરૂં જ્ઞાન;
આયુષ્ય ને ચેતન ઘટે, ઘટે શરીરનો વાન.
વ્યભિચારી છાપ પડે તારી લોકમાંરે,
ઠાર ઠાર તને મળે ફિટકાર; શાણા૦ ૪

સાખી.

નદી કિનારે રૂખડું, ઉભું ઘાલી મૂળ;
મોહું કરી નીર તાણશે, જાણો તમે જરૂર.
તેવી જાણો તમે પરનારીની પ્રિતડીરે,
મૃત્યુ પછી પણ મારે યમ માર; શાણા૦ ૫

સાખી.

લંકપતિ રાવણ જુઓ, હતો મહા ભૂપાળ;
દેવ માત્ર સેવા કરે, કર જોડી ત્રણ કાળ.
તેનો નાશ થયો પરનારીના ફંદમાંરે,
રાજ ખોયું થયો કાયાનો સંહાર; શાણા૦ ૬

સાખી.

વિષની વેલી જાણીને, ભજ ભાવે અરિહંત;
શાંતિ મળે ત્રણ લોકમાં, આવે દુઃખનો અંત.
વદે સુર ઇંદુ વાણી આ વિચારીનેરે,
સત સંગ થકી તરો ભવ પાર; શાણા૦ ૭

અમીચંદ કરસનજી શેઠ
વાંકાનેર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ધર્મની દશ મહાશિક્ષા.

( અનુસંધાન પૃષ્ટ ૯૫ થી )

સારાભાઇ પ્રબોધચંદ્રનું આ વિવેચન સાંભળી સડક થઇ ગયો, પોતાના વિચારો અને વર્તનમાં ભૂલ થતી હોય એમ જણાયું અને જે વિષયે તેના મનમાં કોઈ દિવસ વિચાર પણ આવ્યો નહોતો તે વિષયની પૂરેપૂરી અગત્યતા સમજાઇ. પોતાના બાળકો પ્રત્યેની ફરજમાં અદ્યાપિ પર્યંત રાખેલી બેદરકારી માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો, અને હવે શું કરવું તે વિષે તર્કવિતર્ક થવા લાગ્યા. તેને વિચાર થયો કે સ્વાભાવિક રીતે મારાં બાળકો સદાચારી થયાં છે; પરંતુ સંગતિદોષથી અથવા કોઇ કારણથી તેઓ દુરાચારી, દુર્વ્યસની અથવા અનીતિમાન્ થયા હોત તો મારી બેદરકારીનું કેવું ફળ મળત ! ભાગ્યવશાત્ બાળકો સદાચારી થયા, પરંતુ મનુષ્યજીવનમાં ઉત્તમ સુખનો અનુભવ કરાવનાર અને પરભવને વિષે સદ્‌ગતિ પ્રાપ્ત કરાવનાર જે ધર્મ તેનો બોધ મારા તરફથી તેઓને ન મળ્યો એ કેવી હાની ! દ્રવ્ય પ્રાપ્ત કરી બાળકોને સોંપવું તે કરતાં તેઓને નીતિ અને ધર્મમાર્ગનું જ્ઞાન આપી નીતિમાન્ અને ધાર્મિક કરવા એ ફરજ માબાપની મુખ્ય છે એટલું આજ સુધી હું ન સમજ્યો એ મારી કેવી ભૂલ ! હું એમજ સમજતો હતો કે દ્રવ્યસંચય કરી બાળકોને સોંપશું અને તેઓને ચાલુ પદ્ધતિ પ્રમાણે શાળા (સ્કુલ) અને પાઠશાળા (કોલેજ)ની કેળવણી મળે તેવી યોજના કરશું તો તેઓનું જીવન સુખમય વ્યતીત થશે એમાં કેટલી અવાસ્તવિક્તા હતી ! માબાપના દ્રવ્યનો વારસો મળેલો એવાં ઘણાં બાળકોને ભીખારી સ્થિતિમાં જોઉં છું અને હાલની કેળવણી લીધેલા કેટલાએકોને નાસ્તિક, ધર્મહીન અને અયોગ્ય વર્તને વર્તતાં જોઉં છું છતાં તેમના પ્રત્યેની મારી મુખ્ય અને અવશ્ય આદરવા લાયક ફરજનો મને ખ્યાલ પણ ન આવ્યો. અલબત પૂર્વ કર્મના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોગે દ્રવ્યપ્રાપ્તિ થાય તો તે બાળકોનીજ છે અને ચાલુ જમાનાની કેળવણી આપી તેને ચાલુ જમાનાને લાયક બનાવવાની પણ જરૂર છે; પરંતુ તેની સાથેજ તેઓને નીતિમાન્ અને ધાર્મિક કરવાનો વિચાર કરવો, તેઓને તે રસ્તે પણ ચઢાવવા પ્રયત્ન કરવો અને તેને માટે પોતાના વખતનો ભોગ આપવો એ ફરજ મુખ્ય છે એવું મારી જેવાને ન સુઝયું તો બીજા પણ કેટલાં એક માબાપોને ન સુઝે તેમાં શું આશ્ચર્ય! માસ્તર (પ્રબોધચંદ્ર) કહે છે તે સત્ય છે. જનસમુહનો મોટો ભાગ વિચાર કર્યા વિનાજ પોતાના મનમાં જે આવે તેને યોગ્ય ગણી—માની તેની ધૂનમાં વર્ત્તન કર્યા જાય છે; અને પોતે યોગ્ય—ઘટિત કરે છે એવું અભિમાન રાખે છે. તેની તે અભિમાનનિદ્રામાંથી સત્સંગતિ, સદ્‌વિચાર અને સદ્‌જ્ઞાનવિના જગાડે પણ કોણ ? મારૂં સદ્‌ભાગ્ય છે કે માસ્તરનો પ્રસંગ મળ્યો જેથી મારી બાળકો પ્રત્યેની ફરજ વિષે મને વાસ્તવિક જ્ઞાન થયું. હવે એ વિષે કાળજી રાખી મારી થયેલી બેદરકારી અને ભૂલનો બદલો વળે તેવું વર્ત્તન કરવા યોજના કરીશ.

તે દિવસથી સારાભાઇના મનમાં પોતાના કુટુંબને દ્રવ્યવાન્ કરવા કરતાં નીતિમાન્, ધાર્મિક અને ભક્તિમાન્ કરવાની પ્રથમ આવશ્યકતા છે અને તેને માટે પ્રયત્ન કરવાની પ્રથમ દરજ્જે જરૂર છે એ વિચાર સુદૃઢ થયો અને તે કેવી રીતે અમલમાં મૂકવો તેને માટે તર્ક થવા લાગ્યા. સુશીલાને તે પ્રસંગની વાત કરી અદ્યાપિ પર્યંત બાળકો પ્રત્યેની પોતાની ફરજ બજાવવામાં બેદરકારી અને ભૂલ થઇ છે એ સમજાવ્યું. દંપતીએ જુદા જુદા પ્રકારની યોજના કરવા વિચાર કર્યો. તેઓએ પોતાના બાળકોને ભક્તિમાન્ અને ધાર્મિક કરવા માટે પહેલાં પોતેજ ભક્તિમાન્ અને ધાર્મિક થવાનો નિશ્ચય કર્યો. જ્યારે જ્યારે નવરાશ મળે ત્યારે ત્યારે બાળકોની પાસે નીતિમય વાતો તથા પરમાત્માની સ્તુતિ ભક્તિના વિષયોની ચરચા કરવા ઠરાવ્યું. તે પછી એક ધાતુમય સુંદર જિનપ્રતિમા લાવી પોતાના બંગલામાં ગૃહદેરા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર કરી કુટુંબના સર્વેએ ભક્તિપૂર્વક હંમેશા પૂજા કરવાનો આદર કર્યો. કોઇ વખત સ્નાત્ર ભણાવતા, કોઇ વખત અષ્ટપ્રકારી કે સત્તરપ્રકારી પૂજા કરતા, કોઇ વખત ઉત્તમ પૂજાઓનું પઠન કરી તેમાં કહેલા ભાવની સમજણ પૂર્વક દ્રવ્યપૂજા કરતા અને કોઇ કોઇ વખત સંગીતકુશળ ભોજકને બોલાવી ઉત્તમ સંગીત સાથે પૂજાભક્તિના અને સ્તવનાના સ્તોત્રોના ગાનપૂર્વક દ્રવ્ય અને ભાવ-પૂજા કરતા, સ્ત્રી પુરૂષ બંનેએ સામાયિક કરવાનો નિયમ કરી તેમાં ધર્મસંબંધી પુસ્તકોનું વાંચન તથા અધ્યયન શરૂ કર્યું; રજાને દિવસે અને અભ્યાસમાંથી નિવૃત્ત થયા હોય ત્યારે સર્વ બાળકોને પણ સામાયિક કરવાનો અને ધર્મસંબંધી અભ્યાસ કરવાનો સ્વભાવ પાડી દીધો; કોઇ વખત એકલા અને કોઇ વખત બાળકોને સાથે લઇ લાલબાગમાં મુનિમહારાજના દર્શન કરવા અને વ્યાખ્યાન સાંભળવા જવાનું રાખ્યું; અને રાત્રે કુટુંબના સર્વ માણસોને બેસારી એક કલાક પોતે નીતિ તથા ધર્મ-સંબંધી પુસ્તક વાંચવાની શરૂઆત કરી. છોકરાંઓ સર્વે આસ્તિક, સરલ અને બુદ્ધિમાન્ હોવાથી તેઓના આ નિયમો યથા-સ્થિત ચાલવા લાગ્યા અને થોડા વખતમાં સારાભાઇનું ઘર ભક્તિ-ગૃહ અને બોધગૃહના નમુના રૂપ થઇ પડયું. રાત્રિના વાંચન સમયે બાળક અને બાળકીઓને વ્યવહારમાં ઉપયોગી થઇ પડે, તેઓનું નીતિબળ દૃઢ થાય, તેઓના હૃદયમાં ધર્મની આસ્થા પરિપૂર્ણ પ્રકટે, તેઓનું મનોબળ વૃદ્ધિ પામે, તેઓ પોતે ગુણ-વાન્ થઇ ગુણ અને ગુણી ઉપર રાગદૃષ્ટિ રાખતાં શીખે, સંસા-રમાં તેઓ ઉત્તમ મનુષ્ય નીવડી પોતાની જીંદગી સુખમય ગાળી શકે અને તેઓનો પરલોક સુધરે-એવો સુંદર બોધ લક્ષપૂર્વક આપવામાં આવતો હતો. કોઇ ગુણપ્રાપ્તિના રહસ્યનો પ્રસંગ આવે ત્યારે તેઓમાં ઉત્તમગુણો દૃઢ રીતે વાસ કરે તેવી રીતે દરેક વિષય ઉપર પુષ્કળ વિવેચન, તર્કવિચાર અને દૃષ્ટાંત આપ-વાનું સાથે ચાલતું હતું. કોઇ કોઇ વખત પ્રબોધચંદ્ર પણ વાં-ચન સમયે બેસતા તેથી તેઓનાં જ્ઞાન અને અનુભવનો લાભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સર્વને મળતો. તેઓ કોઈ વખત એક વિષય લઈ તેને એવી અપૂર્વ રીતે સમજાવતા કે સાંભળનારના મનમાં તેની છાપ બરાબર પડતી હતી. એક બે માંગરોલનિવાસી જૈનકુટુંબો નજીકમાં રહેતા હતા તેઓને ખબર પડવાથી તેમણે પણ પોતાનાં છોકરાંઓને રાત્રે ત્યાં મોકલવા માંડયા હતા અને એ ઉત્તમ પ્રનાલિકાથી પોતાનાં બાળકોમાં થયેલો સુધારો તથા લાભ જાણી તેઓ પણ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈ જ્ઞાનગોષ્ટીનો લાભ લેવા આવતા હતા.

દ્રવ્ય વધવાની સાથે માણસને વૈભવ અને મોજશોખ વધે છે અને વખતના વધારા સાથે વિકથા ને પ્રમાદ વધે છે. તેમાં પણ હાલના સમયે મોજશોખનાં નવાં નવાં અનેક સાધનો ઉદ્ભવેલાં હોવાથી અને વિકથાના પ્રસંગો પુષ્કળ વધી ગયેલા હોવાથી તેની કાંઈ સીમાજ રહી નથી. સારા બાગ બગીચા કરાવવા, સારાં સારાં કપડાં ખરીદવાં, સારાં સારાં મિષ્ટાન્નો ઉડાવવાં, સારાં ગાડીઘોડા લેવાં, નાના પ્રકારનાં નાટકો જોવાં, સ્ત્રી અને બાળકોને માટે નવી નવી તરાહના આભૂષણો ઘડાવવાં વિગેરે એશઆરામ અને મોજશોખનાં નવાં નવાં સાધનો મેળવવાના વિચાર દ્રવ્ય વધવાથી થાય છે; અને પ્રવૃત્તિમાંથી જેમ જેમ વધારે પુરસદ મળે તેમ તેમ આખી દુનિયાનાં દેશ, રાજ્ય અને લોકોની વાતો કરવી, પ્રાતઃકાળથી વર્તમાન પત્રોના ગપાટા વાંચવા, હરવું ફરવું, હાંસી મશ્કરીઓ કરવી, રમતગમત કરવાં, તડાકા મારવા અને ઉંઘવું–વિગેરે વિકથા અને પ્રમાદના પ્રસંગોમાં વખતનો ઉપયોગ થાય છે. પરંતુ ધાર્મિક ક્રિયાઓ, સદાચારી અને નીતિમય ગોષ્ટીઓ અને ઉત્તમ જ્ઞાનાનુભવને તદ્દન વિસારી મુકવામાં આવે છે. જો નિર્મળ દ્રષ્ટિથી નિરીક્ષણ કરવામાં આવે તો જ્ઞાનીઓએ કહેલો ભાવ પ્રત્યક્ષ જણાય છે કે 'દ્રવ્ય વધવા સાથે કોણ જાણે કેવી રીતે સમજુ અને અણસમજુ સર્વ માણસોમાં જડતાજ વધે છે, કોઈ અપૂર્વ ભાગ્યોદય હોય, લઘુ વયમાંથી સદ્જ્ઞાન અને સદાચારની વાસનાઓ દ્રઢ થઈ હોય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્તિમાન્ અને ધાર્મિક માબાપની તેવી ક્રિયાઓએ શુભક્રિયાની ટેવ પાડી હોય અને નિરંતર સત્સંગનો પ્રસંગ રહેતો હોય તોજ દ્રવ્યવંતોને સારાભાઈ જેવી ભાવના પ્રકટે છે અને તે પ્રમાણે વર્ત્તન થાય છે. બાકી ઘણે ભાગે તો આપણ શ્રીમાન્ શેઠીઆઓનો સઘળો વખત સાંસારીક કૃત્યોમાં, પાંચ ઈંદ્રિયના ભોગ વિલાસમાં અને વિકથા પ્રમાદમાંજ નિર્ગમન થાય છે અને તેથી તેઓનાં બાળકો પણ સ્વચ્છંદાનુગામી, દુરાચારી અને ધર્મહીન થાય છે.

તે દિવસથી સારાભાઈએ પોતાની એ પ્રવૃત્તિ અદ્યાપિ પર્યંત શરૂ રાખી હતી. સુશીલા અને સર્વ બાળકોને રાત્રે નિયમિત પુસ્તકશ્રવણની ટેવ પડી ગઈ હતી. કોઈ વખત કારણવશાત્ દિવસ પડતો તો તેઓને અકારૂં લાગતું હતું. આગલેજ દિવસે ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રનો છેલ્લો ભાગ (મહાવીર ચરિત્ર) ઘણા દિવસથી વાંચવો શરૂ કરેલો હતો તે પૂર્ણ થયો હતો અને આજે કોઈ નવી ચોપડી વાંચવાની શરૂઆત કરવાની હતી. વાળુ કર્યા પછી બગીચામાં ફરતાં 'પિતાજી આજે કઇ ચોપડી વાંચવી શરૂ કરશે' એ વિષે વાત નીકળતાં શારદા અને બાબુ વચ્ચે મતભેદ પડ્યો. શારદા કહે સુલસા ચરિત્ર વાંચવાના છે અને બાબુ કહે કે હમણાંજ લીલાવતી જીવનકળા નામની ચોપડી બહાર પડી છે તે વાંચવાના છે. આ નિર્દોષ વિવાદનો નિવેડો એ બંને વચ્ચે આવ્યો નહિ તેથી તેઓ રકઝક કરતા પિતાજી પાસે આવ્યા અને તેમણે સારાભાઈના અંતઃકરણમાં અત્યારે ચાલતી વિચારશ્રેણિને અટકાવી.

'પિતાજી ! આજે તમે લીલાવતી જીવનકળા શરૂ કરવાના છો કે સુલસા ચરિત્ર ?' ન્હાના બાબુએ એકદમ પ્રશ્ન કર્યો.

'પિતાજી ! તમે નહોતું કહ્યું કે મહાવીર ચરિત્ર પૂર્ણ થયા પછી આપણે સુલસા ચરિત્ર વાંચશું?' શારદાએ શરમાતાં શરમાતાં ધીમેથી કહ્યું.

'આવી બાબતમાં તમે આગ્રહ કેમ કરો છો ? બંને ચોપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કીઓ વાંચવાની છે. મહાવીર ચરિત્રમાં સુલસાની હકીકત આવી ત્યારે આપણે સુલસાચરિત્ર વાંચશું એવો વિચાર કર્યો હતો અને તે પછી હમણાં સાક્ષર શ્રી ગોવરધનરામ કૃત લીલાવતી જીવનકળા પ્રસિદ્ધ થઇ ત્યારે તે વાંચવાનો વિચાર પણ થયો હતો. હવે સુભદ્રા અને ચીમનભાઇ આવ્યા પછી સર્વનો એકમત થશે તે શરૂ કરશું.'

શારદા અને બાબુ બંને શાંત થઈ ગયા અને પોતાના આગ્રહને માટે પિતાજીએ જરા કહ્યું તેથી શરમાઇ ગયા. એવામાં સુભદ્રા નીચેથી પોતાનું કામ પરવારી ઉપર આવી અને કહ્યું કે 'પિતાજી ! વખત થવા આવ્યો છે. મારી માતાજી પણ હમણાંજ આવે છે. આજે ચીમનભાઇ ક્યાં ગયા છે ?'

'આજે વિજયદશમી છે. સવારે આપણે પાયધોની ઉપર દર્શન કરવા જઇ આવ્યા ત્યારે ચીમનભાઇ સાથે આવી શક્યો નહોતો તેથી અત્યારે બાઇસીકલ લઈ દર્શન કરવા ગયો છે. હમણાંજ આવશે.' સારાભાઇએ કહ્યું.

થોડી વખત ગઇ એટલે સુશીલા અને ચીમનભાઈ બંને આવ્યા. બાબુના મનમાં પોતાના મત પ્રમાણે વાંચન શરૂ કરાવવાની અભિલાષા હતી. તેથી ચીમનભાઇ આવ્યો કે તરત તે બોલી ઉઠયો. 'મ્હોટા ભાઇ ! તમારો મત આજે કઇ ચોપડી શરૂ કરાવવાનો છે ?'

'પિતાજી ! અત્યારે હું શાંતિનાથજીને દેરે દર્શન કરવા ગયો ત્યાં 'જૈનધર્મની દશ મહાશિક્ષા' એવા મથાળાના મ્હોટા કાગળો એક છોકરો વેચતો હતો. ઉપરઉપરથી જોતાં મને તે ઠીક લાગ્યા અને એ વિષે આપની પાસેથી કેટલુંએક જાણવાની જિજ્ઞાસા થઇ તેથી એક કાગળ હું લાવ્યો છું.'

'એ કાગળો કોણે છપાવ્યા છે ?' સુશીલાએ પુછયું.

'વડોદરાવાળા ઝવેરી માણેકલાલ ઘેલાભાઇએ છપાવ્યા છે. ઉપર દશ મહાશિક્ષાના ભાવાર્થનું કવિત છે તેની નીચે મૂળ માગધી શ્લોક છે અને પછી તેના ટુંકા અર્થ છે.' ચીમનભાઇએ જવાબ દીધો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ચીમન ! તું વાંચી જા જોઇએ.'

પિતાજીની આજ્ઞા થવાથી ચીમનભાઇએ તે કાગળ ઉકેલ્યો અને સર્વના સાંભળતાં નીચે પ્રમાણે વાંચ્યો.

# जैनधर्मनी दश महाशिक्षा.

(એક વાક્યમાં)

ભલા, સાદા, સરળ, આનંદી, મહેનતુ, સાવધ, સાચા, પવિત્ર, નિઃસ્વાર્થી ને સુશીલ રહો.

(દશ વાક્યમાં)

(શિક્ષા) (ખુલાસો)

૧ भलाइ करो–સર્વ જીવનું ભલું કરો, કોઇનું બુંડું કરતા ના.

૨ सादा रहो–સાદાઈ ને નરમાશ રાખો, પોતાની બડાઇ કરતા ના.

૩ सरल थाओ–સમજુ ને સરલ થાઓ, કપટી, દગાખોર કે લુચ્ચા થતા ના.

૪ आनंदी बनो–ધીરજ રાખી આનંદી રહો, લોભિયા થઇ હાયવોય કરતા ના.

૫ महेनत ल्यो–મહેનત અને તસ્દી લ્યો, આળસુ થતા ના.

૬ सावध रहो–મનને વશ રાખી સાવધ રહો, લાલચોમાં ફસતા ના

૭ साचुं बोलो–સાચા અને પ્રમાણિક થાઓ, જુઠું બોલતા ના.

૮ चोख्खा रहो–સફાઈ અને ચોખવટ રાખો, ગંદા કે ઝેરીલા થતા ના.

૯ उदार थाओ–ઉદાર દિલ રાખો, મતલબિયા થતા ના.

૧૦ सुशील रहो–સુશીલ રહો, વ્યભિચારી થઈ નબળા થતા ના.

કવિતા.

ક્ષમા કરો, માફ કરો, ભલાઇ બધાની કરો,<br>
મૃદુ નરમાશ ધરી સાદાઇને સાચવો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ऋजु રહો, સીધા રહો, સાલસ હમેશ બનો,
मुक्ति તે સંતોષ ખરા આનંદને દાખવો. 1
तप તે શરીર અને ઇંદ્રિયોને વશ કરો,
संयम તે મન વશ રાખો દૃઢતા ધરી;
सत्य સાચું ખરૂં બોલો પ્રમાણિક પૂરા થઇ,
शौच તે સફાઇ રાખો પવિત્રાઇ આદરી. ૨
अकिंचन મારૂં તારૂં મેલી ઉદારતા રાખો,
ब्रह्म તે પવિત્ર શીળ ધારી બળ જાળવો;
દશ એ હુકમ જૈનધર્મના મહાન્ બધા,
પૂરી રીતે આદરી પરમધર્મ સાચવો. ૩

(ગાથા.)

खंती–मद्दव–अज्जव–मुत्ती–तव–संजमेय बोधव्वे;
सच्चं–सोयं–आकिंचणं–च बंभं च जइधम्मो.

**ખેદજનક મૃત્યુ**—જૈનમતની પ્રાચીનતા અને શ્રેષ્ઠતાને અનેક ભાષણો દ્વારા સ્પષ્ટ રીતે સ્વીકારનાર કાશીના પંડિત રામમિશ્ર શાસ્ત્રીનું મૃત્યુ કયા જૈનને ખેદ નહિ પમાડે! બનારસ પાઠશાલા તરફ અતિશય રૂચિ ધરાવનાર, અન્ય કોમના આ અંકિત પંડિતના મૃત્યુની નોંધ અમો ઘણી દીલગીરી સાથે લઇએ છીએ.

**જાહેર સેવા**—પાદરા નિવાસી વકીલ નંદલાલે પોતાના કિંમતી વખતનો ભોગ આપી સુરત જીલ્લાના હરેક ગામોના જૈન ભાઇઓને જીવદયાનાં કાર્યોમાં પ્રેરિત કર્યા છે તે ખાતર તેમને ધન્યવાદ ઘટે છે. જ્યારે દરેક સ્થળના આપણા આગેવાનો આવી રીતે સ્વતઃ લાગણીથી વખતનો ભોગ આપી પોતાના જીલ્લા અથવા પ્રાંતમાં જીવદયા વિગેરે કોન્ફરન્સના ખાસ ઉદ્દેશો તરફ ધ્યાન ખેંચશે ત્યારેજ કોન્ફરન્સના કાર્યને સંગીનતા મળશે. આ પ્રસંગે અમો દરેક સ્થળના જૈન આગેવાનો તથા ઉત્સાહી યુવાનોને આ બાબતમાં ખાસ અપીલ કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वृद्धि पामतो भ्रष्टाचार.

નવા જમાનાના લાગેલા પવનથી આપણી પ્રવૃત્તિમાં એટલો બધો ફેરફાર થઇ ગયો છે અને ભક્ષાભક્ષનો વિવેક એટલો બધો નાશ પામી ગયો છે કે તેને માટે જેટલો ખેદ બતાવીએ તેટલો થોડો છે.

હાલમાં વૃદ્ધિ પામતી સ્થિતિવાળા ચા, આઇસક્રીમ ને સોડાવોટરની પ્રથમ ખબર લઇએ. ચાએ દરેક કુટુંબમાં પ્રવેશ કરીને તેના વ્યસનવાળા નાના બાળકોને પણ બનાવી દીધા છે. પરંતુ એટલેથી તેનું બળ અટક્યું નથી. તેણે તેનું બળ એટલે સુધી ફેરવ્યું છે કે હાલમાં ગામે ગામે ને સ્થાને સ્થાને ચાની દુકાનો મંડાઇ છે અને તેની અંદર જાણે ભ્રાતૃભાવ વધારતા ન હોય તેમ હિંદુ ને મુસલમાન, વાણીઆ ને બ્રાહ્મણ, કોળી ને કુંભાર એક પાત્રમાં–એકના એક વાસણમાં ચા પીવા લાગ્યા છે. પ્રથમના વખતમાં એક જાજમ ઉપર મુસલમાન સીપાઈ કે જમાદાર બેઠેલ હોય તો હિંદુ અધિકારી તેને જાજમ નીચે ઉતાર્યા પછીજ પાણી પણ પીતા હતા. એટલો બધો પરંપર સ્પર્શ વર્જવામાં આવતો હતો ત્યારે હાલમાં એકજ પાત્રમાંજ મુસલમાન ચા પી ગયા પછી હિંદુ પીવે છે અને વાણીઆના પી ગયા પછી બ્રાહ્મણ પીવે છે. ફક્ત તે પાત્રને પાણી ભરેલા ઠામમાં બોળવામાં આવે છે કે જે ક્રિયા ઘણા વખતથી શરૂ થયેલી હોય છે અને ઘણાનાં પીધેલાં વારૂણો તેમાં બોળવામાં આવેલાં હોય છે. આ થોડો ભ્રષ્ટાચાર છે? બુદ્ધિને મલીન કરવાનું આ જેવું તેવું કે નજીવું કારણ છે? જૈન રીતિ પ્રમાણે તો બીજા પણ અનેક દોષોનો તેમાં સંભવ છે. પાણી ગળવાપણું કે ત્રસ જીવોની યતના કરવાપણું ત્યાં બીલકુલ હોતુંજ નથી. અનેક ત્રસ જીવોની વિરાધના થતી પ્રત્યક્ષ દૃષ્ટિએ પડેછે, છતાં ચાના વ્યસની–જીવ્હા ઇંદ્રીના લોલુપી જીવડાંઓ ચાનો સ્વાદ છોડી શકતા નથી. તેવી દુકાને જઈને પીવે છે અથવા પોતાની દુકાને મંગાવીને પીવેછે આ કેટલું ખેદકારક છે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઈસક્રીમમાં તો દોષ કે આભડછેટ કાંઇ ગણવામાંજ આવતી નથી. એતો દુધનો પદાર્થ છે. દુધનેજ માત્ર જમાવવામાં આવે છે તેમાં બીજું શું છે કે ના પાડોછો ? આવો પ્રશ્ન થાયછે. બરફ કે કાચા મીઠા વડે થતી એકેંદ્રી અસંખ્ય જીવોની વિરાધનાની તો કાંઇ ગણત્રીજ નથી પરંતુ દુધ જેવા સ્વાદિષ્ટને સ્નિગ્ધ પદાર્થને અંદર નાખ્યા પછી તેના સંચા સાફ કેવા કરવામાં આવે છે તે તપાસવામાં આવે તો ખબર પડે કે અંદર કેટલી ગલીકુંચીઓ છે કે જેની અંદર રહેલો દુધનો રસ બરાબર લુહીને સાફ કરવામાં ન આવવાથી બેઇંદ્રી વિગેરે જીવોની ઉત્પત્તિ કેટલી થવાનો સંભવ? પણ તે જીવો બિચારા બહુ ઝીણા-સૂક્ષ્મ હોવાથી દૃષ્ટિએ પડે નહીં અને નવું દુધ પડતાં પડતાં તરતજ વિનાશ પામી તેના દેહ દુધ સાથે મળી જાય આવી વિરાધનાનો વિચાર જૈન શિવાય બીજા તો કયાંથી કરે! પણ જૈન કહેવાતા આપણા બંધુઓનાં નેત્ર પણ આઇસક્રીમ ખાવાના રસમાં જીંહ્વા ઇંદ્રીને સહાયભૂત થવા માટે મીંચાઇ જાય છે. બાહ્યચક્ષુ મિંચાય તો ફીકર નહીં પણ અંતર્ચક્ષુ પણ મીંચાઇ જાય છે. આ થોડું ખેદકારક છે !

સોડાવોટર પ્રથમતો ઘરે સોડાને એસીડ લાવીને બનાવતાં શીખે છે, અને એમાં શું બાધક છે ? એમ સમજી એનો છુટથી ઉપયોગ કરવા માંડે છે. એમ કરતાં કરતાં ટેવ પડી જાય છે. પછી દર વખત કાંઇ બનાવવાની ભાંજગડ થઇ શક્તી નથી એટલે દુકાનદારની દુકાન ખુલ્લી થાય છે. ઘણું કરીને દારૂ બનાવનારાઓજ સોડાવોટર પણ બનાવે છે, ને તેની બાટલીઓ ભરી રાખે છે, તે ખરીદી લાવીને પાનસોપારીનાં દુકાનદારો વેચે છે. હવે બનાવવાના સ્થાનની વિવક્ષા તો શું કરવી ! પણ ગમે તેણે ઢેઢે કે મુસલમાને મોઢે માંડેલી બાટલી સોડાવોટરનો રસીયો જીવ ભિન્નભાવપણું તજી દઇને મોઢે માંડે છે. તે વખત વિચાર માત્રને દૂર રાખી મનને મોટું કરે છે. આનું પ્રવર્તન ઔષધના નિમિત્તમાં ને વ્યાધિના પ્રસંગમાં વૃદ્ધિ પામેલું છે. પણ તેથી કેટલો વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાશ છે તેના સામી દૃષ્ટિ પણ કરવામાં આવતી નથી. આ થોડી ખેદકારક વાત છે !

હાલમાં ગાર્ડનપાર્ટી, ઈવીનીંગપાર્ટી, ચાપાર્ટી ઈત્યાદિ પાર્ટીઓનું કામ વધી પડયું છે. ત્યાં એક ટેબલ ઉપર વર્ણે વર્ણના ગૃહસ્થો બીરાજી ઐક્યતાનું સ્વરૂપ પ્રત્યક્ષ બતાવી આપે છે. પછી ત્યાં ચાને ટીફીનનું કામ શરૂ થાય છે. કોના પ્યાલા, કોણે વાપરેલા, અંદર શું ભરેલું ને તે કયાંથી લાવેલા તેનો ખ્યાલ આપણા હૂંદેશી ભાઈઓ કરતાજ નથી. નાગર અને બ્રાહ્મણ જેવી પવિત્રતાનો ફાંકો રાખનારી કોમ તો સૌથી આગળ પડતો ભાગ લે છે, ચા કાફીના પ્યાલા ને ટીફીન તથા આઈસક્રીમની રકેબી ખાલી થઈ થઈને અંદર જાય છે ત્યાંથી નવી ભરાઈને આવે છે અને આગળ પાછળનો વિચાર કરવાની મહેનત કે તપાસ કર્યા શિવાય વગર પૈસે મળેલો માલ બેવડો ત્રેવડો બબે ત્રણત્રણ વાર ઉડાવે છે. આ વખતની ધમાલમાં બારીક દૃષ્ટિએ જોવાથી જણાઈ આવે છે કે શ્રીમંત ગણાતા ગૃહસ્થો ને ગૃહસ્થપુત્રો પણ કેવી તુચ્છતા બતાવે છે અને માગીમાગીને બબે ત્રણવાર એકની એક પસંદ પડતી ચીજ લઈ ભક્ષ પુરૂં કરે છે. આવા પ્રસંગમાં ચાલતો ભ્રષ્ટવાડો જોઈને હૃદય કમકમે છે. જે કામ મુસલમાન રાજાઓ ને તેના અધિકારીઓ જોરાવરીથી કરી શકયા નહોતા તે ઈંગ્રેજ સત્તાવાળાઓએ આપણી લાગણીને ઘસવી નાખીને આપણી પાસેજ કરાવ્યું છે. અત્યારે તો કદિ તેના પાડે તોપણ આપણે વટલવા તૈયાર થયા છીએ એવી સ્થિતિ આવી પડી છે. આ બાબત કેટલી ખેદકારક છે !

હાલમાં હોટેલોનું કામ વધી પડયું છે. હિંદુહોટેલ, બ્રાહ્મણીઆ હોટેલ, હિંદુ સુખશાંતિગૃહ, આર્ય વિશ્રાંતિગૃહ ઈત્યાદિ અનેક પ્રકારના નામોવાળાં ખાવા પીવાની તૃષ્ણા પૂરનારાં મકાનો વધી પડયાં છે. તેમાં ખાવા પીવા જનારાઓની સંખ્યા પણ વધી પડી છે. તેની અંદર બધું બ્રાહ્મણીઆ મળે છે. ચા દુધ બ્રાહ્મણીઆ, ભજીયાકચોરી બ્રાહ્મણીઆ, બાસુદીપુરી બ્રાહ્મણીઆ, નાનખટાઈ બ્રાહ્મણીઆ, બીસ્કુટ બ્રાહ્મણીઆ ને આઈસ્ક્રીમ બ્રા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હ્મણીઆ, બધું બ્રાહ્મણીઆ—હવે માત્ર દારૂ બ્રાહ્મણીઆ મળવાનું બાકીમાં છે. તે પણ આગળ ઉપર મળી રહેશે. આ મકાનમાં બનતી તમામ ચીજોની બારીકોથી તજવીજ કરવામાં આવે તો તેના ભક્ષાભક્ષપણાનો વિવેક પ્રાપ્ત થાય. તે સાથે તેના પાત્રની તપાસ કરવામાં આવે તો ખબર પડે કે તેને કોણ કોણ વાપરે છે? પણ તેવી તજવીજ કરવાનું કામ શું! હિંદુહોટેલ ઠરી એટલે બધું પાવનજ હોય. વધારે તપાસવા જઇએ તો પછી ખવાય પીવાય કેમ? માટે એવી બાબતમાં આંખ વીંચી રાખવી ને ખાવાના પદાર્થની સુંદરતા જોઇ મોહ પામવા માટેજ આંખ ઉઘાડવી. આ શું થોડું ખેદકારક છે! જીભ્હાઇંદ્રી મનુષ્યને કેટલી હેરાન કરેછે અને કર્ત્તવ્યભ્રષ્ટ કરેછે તે જુઓ!

ઇંગ્રેજી દવાઓએ તો ડાટ વાળ્યો છે. સૌને મદિરાપાન કરતા કરી દીધા છે. કારણ તો ગમે તે હો, પરંતુ ઇંગ્રેજી દવાનો પ્રચાર વધ્યા પછી જેમ વકીલો વધતાં કજીઆઓ વધ્યા તેમ ડાક્તરો વધતાં વ્યાધિઓ વધી પડ્યા છે. પ્લેગે તો આ દેશમાં ઘર ઘાલ્યું છે. પ્લેગના નિવારણ માટે અનેક પ્રકારના પાપારંભથી—અનેક જીવોના વધથી—અનેક જાતની રસી અને દવાઓ બનાવી છે પણ તે બધી નકામી ઠરી છે. તે દવા એક લીંબડાના રસ જેટલો પણ ગુણ પ્રબળ વ્યાધિમાં કરતી નથી. આ પ્રમાણે બીજી દવાઓ પણ મોટે ભાગે ત્રસજીવોની વિરાધના વડે બનાવવામાં આવે છે. મદિરાપાનનો દોષ તો પ્રવાહી (ટીંકચર) તમામ દવાઓમાં લાગે છે. બ્રાન્ડીના મેળવણ શિવાય પ્રવાહી દવા લાંબો વખત રહી શકતી નથી. દેશી દવામાં કાંઈક દવાઓ પણ સંગીન ફાયદો કરે છે તો પછી રસાયણી દવાનું તો કહેવુંજ શું! તેમ છતાં તાત્કાળિક ફાયદો બતાવનારી ઇંગ્રેજી દવા ઉપર લલચાઇને આપણા શ્રાવક ભાઇઓ પોતાના દેહને ભ્રષ્ટ કરે છે અને ધર્મથી ભ્રષ્ટ થાય છે. વધારે ખેદ તો એટલા માટે થાય છે કે મુનિરાજોને પણ એનો તિરસ્કાર રહ્યો નથી. સામાન્ય વ્યાધિમાં પણ ઇંગ્રેજી દવા મંગાવીને પીતાં શંકાતા નથી. આશા છે કે હવે તેઓ સાહેબ કાંઇક વિચાર કરી ઇંગ્રેજી દવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂર રહેશે અને બીજા શ્રાવકાદિને દૂર રહેવા ઉપદેશ કરશે. કેટલાક ગૃહસ્થો તો હોંશે હોંશે દવા પીએ છે. કેટલાક કૌવત રહેવા માટે પીએ છે, પરંતુ તેમાં શું આવે છે તેનો વિચાર કરતા નથી. લખતાં કલમ અટકે છે, પરંતુ કેટલીક દવામાં ગાયના આંતરડાં, કુકડીનાં ઈંડાં, માછલાંઓનું તેલ અને બીજા પશુ પક્ષી અને જળચર જીવોનાં અંગોપાંગ અને તેના અર્ક વિગેરે ઘણે ભાગે વાપરવામાં આવે છે. પ્રવાહી ઉપરાંત ભુકી જેવી, ગાંગડા જેવી અને મલમ જેવી દવાઓમાં પણ એવા પદાર્થો આવે છે કે જેનું વર્ણન સાંભળતાં કંપારી છુટે છે. આ થોડો ભ્રષ્ટાચાર છે? હવે આપણી બુદ્ધિ તે નિર્મળ ક્યાંથી રહે અને તેમાં દયાની સ્પુરણા શી રીતે રહી શકે?

આપણા આર્ય બંધુઓની તેમજ જૈન બંધુઓની અવનતિ થતાં તેના હૃદયમાં 'પોતાનું બધું ખરાબ અને પારકું તેટલું સારૂં" આ વાત ઠસી ગઈ છે, જેથી બધી બાબતમાં અન્ય કોમના—પારસી અને યુરોપીયનના બએ મોઢે વખાણ કરવા મંડી પડ્યા છે. પરજીવને પરિતાપ ન ઉપજાવવા માટે તેનું દ્રવ્ય અનીતિએ ન લેવું અને સત્યતા તેમજ પ્રમાણિકપણું જાળવવું. જે દ્રવ્ય એકવાર ગયા પછી બીજીવાર પાછું મળી શકે તેવું છે તેને માટે પ્રમાણિકપણું બતાવવું અને જે પ્રાણ ગયા પછી પાછા મળી શકે તેમ નથી તે વગર ગુન્હે લઇ લેવા. આવા માણસનું પ્રમાણિકપણું વખાણવું તે કેવું ડહાપણ ગણાય! કદી બચાવમાં એમ કહેવામાં આવશે કે 'તેઓ કાંઈ મનુષ્યના પ્રાણ તો લેતા નથી, પણ પશુઓના લે છે.' પુછીએ છીએ તે કોણ છે? તે શું પંચેંદ્રી જીવો નથી? બીજાઓ ભલે તેમાં જીવ ન માને પણ આપણે જે તેનામાં જીવત્વ સ્વીકારીએ છીએ તે તો તેના હિંસકને પ્રમાણિક કેમ કહી શકીએ? શું આપણી શ્રદ્ધામાં પણ ભેદ પડ્યો છે? આપણે તેના પ્રાણની રક્ષા કરવાનું મનુષ્ય સાથેના પ્રમાણિકપણા કરતાં ઓછું જરૂરનું સમજીએ છીએ? મનમાં હોય તો મોઢે કહી દેજો કે પછી અમે તમારે માટે પણ પશ્ચાત્તાપ ન કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી સહેજ મતભેદ પડતાં જેની સ્ત્રીઓ છુટા છેડા મેળવવાની ફર્યાદ કરતાં વિચાર કરતી નથી અને અછતા આરોપ મુકી દંપતી એક બીજાથી છુટા પડે છે. તેમજ કૈમારાવસ્થામાં પરસ્પર સ્નેહ બાંધવાને પરિણામે વિષયેચ્છાને આધીન થાય છે અને પછી ગર્ભસ્થિતિ થવાથી અણછુટકે તેની સાથે લગ્નના સંબંધથી જોડાય છે, અથવા કોઇ નાદાન થાય છે તો પેલીની જીંદગી રદ્દ કરી નાખે છે. આવી કોમના ગૃહસંસારને માત્ર તેના રૂપરંગ ઉપર મોહ પામવાથી અથવા તેની વાણીની મધુરતામાં આસક્ત થવાથી વખાણવો કે જેમાં સતીપણું, પતિવ્રતપણું કે એક પત્નીવ્રતપણું શોધ્યું જડતું નથી તે શું થોડા ખેદની વાત છે ! આપણામાં રહેલા અપ્રતિમ ગુણને તુચ્છ ગણી બીજાના ખોટા ડોળને સાચો માની તેના પર વ્યામોહ પામવું અને તેવી સ્થિતિને ઇચ્છવી તે શું થોડા અફસોસની નિશાની છે ! આપણા ગુણના વ્યાખ્યાન ન કરવાં તે ઠીક છે પણ બીજામાં વાસ્તવિક ગુણવિના પરિણામ સુધી દૃષ્ટિ પહોચાડયા શિવાય જે વખાણ કરવા ઉતરી પડવું તે ડહાપણ ભરેલું કામ ગણાતું નથી.

આ પ્રમાણે બીજી પણ અનેક બાબતો આ સંબંધમાં લખવા જેવી છે પણ કડવું ઔષધ વધારે આપવાથી અરૂચી થવા સંભવ છે, તેથી હાલ તો આટલુંજ લખીને આ વિષય સમાપ્ત કરવામાં આવે છે. છેવટે એટલું જણાવવું જરૂરનું છે કે નવી રોશનીવાળાને રાત્રિભોજન ન કરવાનું કે કંદમૂળ ન ખાવાનું અથવા તિથિ પર્વાદિકે લીલોતરી ન ખાવા વિગેરેનું કહેવામાં આવે છે અને તેમાં લાગતા દોષ બતાવવામાં આવે છે ત્યારે આપણા કેળવાયેલા કહેવાતા ભાઇઓ સ્વચ્છંદે વર્તવાની બુદ્ધિથી અને રસેંદ્રીનો વિષય છોડી ન શકવાથી સવાલ કરે છે કે–'શું એમાં ધર્મ સમાઇ ગયો છે?' સત્યતા કે પ્રમાણિકપણું મળે નહીં અને આવું ઝીણું ઝીણું જાળવ્યા કરે તેમાં શું વળ્યું !' આ વચનો ધર્મ ઉપર અનાદર બુદ્ધિનાં છે. પોતે સત્યતા કે પ્રમાણિકપણું કેવું જાળવનારા હોય છે તે તો તેઓ પોતે અથવા પરમાત્મા જાણે, પરંતુ પોતાની એબ ઢાંકવા માટે બીજાના અવર્ણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાદ બોલવા તૈયાર થઈ જાય છે. તે સાહેબોને ધર્મ શેમાં સમાયો છે તે જાણવાની અપેક્ષા ક્યાં છે? જો તે અપેક્ષા હોય તો ખરી ખબર પડે અને યોગ્ય વર્તન પણ થાય, પરંતુ આતો બધું અજ્ઞાનનું વિલસિત છે. આ વિષે પણ હવે પછી બીજે પ્રસંગે વધારે લખશું.

ઉપર જણાવેલા ભ્રષ્ટાચારની ચર્ચા બીજા માસિક અને જૈન પત્રના અધિપતિઓ પણ જો વાસ્તવિક જણાય તો ઉપાડી લેશે એમ આશા રાખવામાં આવે છે.

**સ્વદેશ તરફ દ્રષ્ટી**—ઈડરના જૈનસંઘે પરદેશી ખાંડ નહિ વાપરવાનો ઠરાવ કીધો છે. સ્વદેશી તથા વિદેશીના ભેદે પણ જો જૈનભાઇઓ ભ્રષ્ટ ખાંડ વાપરતાં અટકે તો તે સ્તુત્ય છે. આશા છે કે દરેક શહેરના જૈન આગેવાનો આ બાબત ઉપર વિચાર ચલાવી ઇડરના સંઘનું અનુકરણ કરશે ને સ્વદેશીને ઉત્તેજન આપશે.

**બોરસદ સમાચાર**—બોરસદમાં જૈન જ્ઞાનાલયની સ્થાપના થઈ છે; અને ત્યાંના વીશાઓસવાળ જ્ઞાતિના શ્રાવકોએ કન્યાવિક્રય નહિ કરવાનો અને જે કોઇ કરે તેને પાંચ વર્ષ જ્ઞાતિબહાર અને રૂ ૧૦૦૦) દંડ તરીકે લેવાનો સ્તુતિપાત્ર ઠરાવ કર્યો છે.

**અમદાવાદના વીશાશ્રીમાળી જૈનો**—અમદાવાદના વીશાશ્રીમાળી જ્ઞાતિના એક ગૃહસ્થ લલુભાઇ સુરચંદે પોતાના પૌત્રના લગ્ન જૈનવિધિ પ્રમાણે કરવા જ્ઞાતિના શેઠની રજા માગી; પરંતુ ઉક્ત શેઠે તે પ્રમાણે લગ્ન કરવાની રજા આપી નહિ. અને તમારી કરેલી અરજીમાં કેટલાક શબ્દ અસભ્ય છે એમ કહીને ઉલટા તેમને ગુનેગાર ઠરાવી રૂ૧ દંડ કર્યો. જ્ઞાતિના શેઠનું આ વર્તન દરેક સુજ્ઞ જૈનોને ખેદ કરાવનારૂં છે. સત્કાર્ય તરફ રૂચિને બદલે ઉલટો તિરસ્કાર બતાવી અમદાવાદની વીશાશ્રીમાળી કોમે જૈન કોન્ફરન્સના ઠરાવનું અપમાન કર્યું છે. અમને આશા છે કે ઉક્ત જ્ઞાતિના આગેવાનો જેઓ ઉંચી સમજણવાળા તેમજ પુખ્ત અનુભવી છે તેઓ હવેથી આ બાબત તરફ અભાવ તજી દઇ જૈનવિધિ પ્રમાણે લગ્ન કરાવવા પ્રવૃત્તિ કરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

परम निर्ग्रंथेभ्यो नमः

# सामायिक विचार.

લેખક મનસુખ કીરતચંદ મહેતા

**સામાયિક કેમ કરવું?**

"વિનય મુલો ધમ્મો."—વિનય એ ધર્મનું મૂળ છે. ગમે તે કાર્યની સિદ્ધિને અર્થે ગુરૂની આવશ્યકતા છે; ગુરૂની નિશ્રા વિના કાર્ય ફલીભૂત થતું નથી. વ્યવહારમાં પણ આ વાત અનુભવ સિદ્ધ છે. તો પછી પરમાર્થ જેમાં જીવે પોતાનો પરમ અર્થ પ્રગટ કરવાનો છે, તેમાં તો ગુરૂની આવશ્યકતાનું પુછવુંજ શું? તો આત્માને સમતાનો પરમ લાભ આપનાર એવા સામાયિકરૂપ પવિત્ર શિક્ષાવ્રતનો જેણે ઉપદેશ કર્યો છે, જે એ સામાયિકમાં નિરંતર સ્થિત છે, એવા મહાત્મા ગુરૂની નિશ્રાએ તેના આલંબન તળે તે પ્રતિ વિનયભાવ, બહુમાન સહિત સામાયિક કર્ત્તવ્ય છે.

**સામાયિકના ભેદ.**

સામાયિકના બે ભેદ પાડી શકાય;—(૧) દ્રવ્ય સામાયિક (૨) ભાવ સામાયિક. **ભાવ સામાયિક**—આત્માનું સદા સર્વથા સમતાભાવને વિષે રહેવું, તેની સહજ સમાધિરૂપ સ્થિતિ હોવી તે. આ સામાયિક સર્વથા તો તેરમે ગુણસ્થાનકે વર્તતા જીવનમુક્ત કેવલીને વિષે ઘટે. જૈન પરિભાષામાં જે "યથાખ્યાત ચારિત્ર" ના નામે ઓળખાય છે તે સંપૂર્ણ ભાવ સામાયિક. તે પ્રાપ્ત કરવાનું પ્રબળ સાધન દ્રવ્ય સામાયિક. નીચે પ્રમાણેના પ્રચલિત વિધિથી તેમજ મોટા પુરૂષો આત્માર્થને લઇને એ બાબતમાં પ્રવર્તે તેથી સમજવું. દ્રવ્ય સામાયિકના આ પ્રચલિત વિધિપર પરમાર્થથી વિચારતાં તે પરમ કલ્યાણનું નિમિત્ત થાય એવી પ્રતીતિ થશે.

**દ્રવ્ય સામાયિકમાં આવશ્યક ઉપકરણો:**[1]—

---

૧ ઉપદેશપ્રાસાદમાં વ્યાખ્યાન ૧૪૩ માં સામાયિકના ઉપકરણોનું સ્વરૂપ વર્ણવ્યું છે ત્યાંથી જોઇલેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ ચરવળો, ૨ પથરણું, પોંચણું કે કટાસણું, ૩ મુહપત્તી, ૪ નોકારવાળી અથવા જરૂર હોય તે પુસ્તકો, ૫ બીજી ઉપધિ તથા સ્થાપનાચાર્ય.

૧ ચરવળો–જયણા માટે તેની જરૂર–ચરવલો રાખવામાં મુખ્ય વૃત્તિએ જયણાનો, જીવરક્ષાનો હેતુ છે. આત્માર્થી પ્રાણી સર્વ જીવને પોતાના જેવા ગણી તે પ્રતિ જેમ બને તેમ સાચવી–સંભાળીને દરેક કામમાં તેઓને પરિતાપ ન ઉપજે એમ પ્રવર્તે તો પછી સામાયિકમાં તો વિશેષ વિશેષ ઉપયોગવંત થઇ જયણા પાળવી જોઇએ. ચરવલો એ જયણાનું ઉત્તમ સાધન છે. હાલતાં, ચાલતાં, બેસતાં, ઉઠતાં, ભૂમિ આદિ પ્રમાર્જન માટે એ નિર્દોષ અને જીવને બચાવનારૂં સાધન છે, માટે એ અવશ્ય રાખવો જોઇએ. બહાર શરીર આદિ જયણા પૂર્વક પુંજવા પ્રમાર્જવામાં આત્માને પ્રતિક્ષણે પુંજવાનો હેતુ રહેલો છે.

૨ કટાસણું–પથરણું કે કટાસણું, (કોઈ લોકો એને પોંચણું કે આસનીયું કહે છે)–આ પણ ઉનનું હોવું ઘટે છે. ઉનનું અને જાડું હોવાથી એ પર જીવ ઓછા આવવાનો સંભવ છે, તેમજ તેનું રક્ષણ થાય એમ છે. (૧) એવા પથરણાપર બેસવાથી એક તો સામાયિકી કાળમાં ક્ષેત્રાવગાહ નિયમિત થઈ શકે છે, એટલે અંશે દેશાવકાશનો લાભ મળે છે, કેમકે એ પોંચણું પરિમિત હોય છે. લગભગ એક ગજ કે દોઢ હાથ લાંબું ને હાથ સવાહાથ પહોળું હોય છે. એટલે સામાયિકી કાળમાં બેસે તેટલો વખત પથરણા જેટલુંજ ક્ષેત્ર મોકળું ગણાઇ બીજાનું પચ્ચખાણ થઇ શકે છે. (૨) બીજું વખતપરત્વે એ પ્રતિબંધ તથા અડચણ દૂર કરવાનું સાધન થાય છે. એટલે કે કોઈ એવા પથરણા વિના એમનેએમ સામાયિક લઇ બેસે, તેને બહારની અડચણો નડશે. ગમે તે જાણે અજાણે બોલાવશે, ત્યારે બીજો જે પથરણા ઉપર બેઠેલ હશે, તેને બહારના માણસો સામાયિકમાં અથવા બીજી ધર્મક્રિયામાં છે, એમ ગણી કાંઇ પણ અડચણ નહિ કરે. મુખ્ય વૃત્તિએ તો પૂર્વકાળના પરમજ્ઞાની ગુરૂઓએ નિર્દેશેલ કટાસણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિના સામાયિક કહ્યુંજ નથી; એટલે એવા કટાસણા વિના સામાયિક કરનારને આજ્ઞાભંગનોજ દોષ લાગે છે. છતાં હાલના કેળવાયેલા કે શુષ્ક જ્ઞાનીઓ એમ આગ્રહ કરે કે સામાયિક એતો સંવરરૂપ આત્મપ્રતિયોગિ અનુષ્ઠાન છે; તેમાં પથરણાદિ બાહ્ય ઉપકરણની કાંઈ પણ આવશ્યકતા કે અપેક્ષા રહેતી નથી. આમ આગ્રહ કરનારાઓએ સમજવાનું છે કે પરમ નિર્ગ્રંથને યોગ્ય એવાં નિશ્ચય કે ભાવ સામાયિકમાં બાહ્ય ઉપકરણોની અપેક્ષા ન રહે એ વાસ્તવિક છે, અને આત્માની પરમ સંવરરૂપ સ્થિતિ એજ સામાયિક છે. પણ આ વિધિ જે બતાવેલ છે, તે તો પરમ જ્ઞાનીઓની બાળજીવો પ્રતિ નિષ્કારણ કરૂણાજ સમજવી. તો આત્મહિતના ઇચ્છનારા બાળજીવોએ તો એ વિધિ મુજબ કરવાથી બે પ્રકારના લાભ હાંસલ થશે, એમ ચોક્કસ સમજવાનું છેઃ—૧ કોઇ પણ કારણ વિશેષે આ પ્રમાણે કરવાની પરમ જ્ઞાનીની પવિત્ર આજ્ઞાનું આરાધન. અને (૨) જે પરમાર્થ હેતુએ એ વિધિ પરમજ્ઞાનીએ બતાવેલ છે તે પરમાર્થનો તે વિધિ પ્રમાણે આચરવાથી લાભ. ભલે પછી બાળજીવ જ્ઞાનાવરણીય કર્મના દોષે તેનો પરમાર્થ—હાર્દ સમજી ન શકે. અત્રે પણ પ્રોંચ્છનક (કટાસણું) રાખવાથી એક તો જ્ઞાનીની આજ્ઞા માથે ચડાવવારૂપ આરાધના થઈ. "આણાએ ધમ્મો"—પરમજ્ઞાનીની આજ્ઞા પાળવી એ ધર્મ. આવો સૂક્ષ્મ, પરમ, વિનયાન્વિત પવિત્ર ધર્મ આ પ્રકારે આરાધી શકાય છે. અને બીજું આપણ બાળજીવોને દૃષ્ટિગોચર ન થઇ શકે એવા અનેક પરમાર્થ હેતુ ઉપરાંત એક પરમાર્થ લાભ તો આપણે એ જોઇએ છીએ કે પ્રોંચ્છનક કે કટાસણું વાપરવાથી આપણે અમુક ધર્મક્રિયામાં બેઠા છીએ, એવું સમજી બીજા માણસો આપણને આપણા ધર્માનુષ્ઠાનમાં વિના કારણ ખલેલ ન પહોંચાડે. આમ પ્રોંચ્છનકને ઉદ્દેશી સામાન્યપણે કહેવાનું તાત્પર્ય એ કે પરમ જ્ઞાનીઓએ નિર્દેશેલ અથવા આચરેલ (જેનો બીજા કોઈ જ્ઞાનીએ નિષેધ ન કર્યો હોય તે) વિધિ પ્રમાણે વર્તવાથી અનેક હિત છે, અને સમજ્યા વિના તેને ઉવેખવામાં અનેક અહિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(૩) મુહપત્તી-મુખ વસ્ત્રીકા**—(૧) આ રાખવાનો મુખ્ય પરમાર્થ તો એ છે કે સાવદ્ય વચન, વિચારવિનાનું બોલવું, કર્મજનક વાણીઆશ્રી વિરમવું; વચન ઉચ્ચારતાં ઉપયોગ રાખવો; ભાષા સમિતિ જાળવવી; વચન ગુપ્તિ આચરવી; ઉત્સૂત્ર, અસત્ય કે અપ્રિય વચન ન ઉચ્ચારવાં; પરમાર્થે અહિતરૂપ, અપ્રિય, અસત્યબોલ મુખમાંથી બહાર ન કાઢવાં. આવો પારમાર્થિક બોધ મુહપત્તી આપે છે. (૨) બીજી રીતે વિચારતાં મુહપત્તીથી જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનોપકરણનો થુંક ન ઉડે.–એ રૂપે વિનય સચવાય છે. એ રૂપે થતી આશાતનાનો પરિહાર થાય છે. ઉઘાડે મુખે બોલવાથી, વચન ઉચ્ચારવાથી, પાસે પડેલ–રહેલ વસ્તુને થુંક ઉડવાનો સંભવ છે. સામાયિકમાં પ્રાયઃ પુસ્તક, પાટી, નોકારવાળી એ આદિ જ્ઞાનોપકરણો તથા સ્થાપનાચાર્ય વગેરે સમીપમાં હોવાથી તે પર થુંક, મલિન શ્વાસ ઉડવા સંભવ છે, જે આશાતનાનું કારણ છે. તે આશાતના ટાળવાનું મુહપત્તી એક સાધન છે. (૩) વળી એ મુહપત્તીનો વિવેકથી ઉપયોગ કરવામાં આવે તો સંપાતિમત્રસ જીવોના સંરક્ષણનો પણ એથી લાભ મળે છે. (૪) વળી વૃદ્ધ આમ્નાયમાં મુહપત્તીની પડિલેહણ તથા તેવડે અંગની પડિલેહણના પચીશ પચીશ મળી પચાશ પરમાર્થરૂપ બોલ છે. કાળ દોષને લઇ, કે પ્રમાદ કે અજ્ઞાનને લઇ હાલ એ વિધિ પ્રમાણે કવચિતજ થતું જોવામાં આવે છે; પણ ધીરજથી એ પચાશ બોલો વિચારી, તે વિચારવાની સાથેજ મુહપત્તીની પ્રતિલેખના કરવી તે બહુ ઉપકારપ્રદ છે.

**(૪) પુસ્તકાદિ**–આ શિવાય પુસ્તક, ચાપડો, નોકારવાળી આદિ જે સાધનોથી સામાયિકી કાળ સુખરૂપ નીવડે, સમતાનો લાભ મળે, જ્ઞાન વૃદ્ધિ પામે, આત્મા નિર્મળ થાય, એ આદિ પાસે રાખવાં. પોતાને જે વાંચવું, વિચારવું, ગણવું હોય તે સામાયિક લેવા પૂર્વે પાસે રાખવું, કે જેથી સામાયિક લીધા પછી બનતાં લગણ ચળ–વિચળ પરિણામ ન થાય, અથવા ઉઠવું ન પડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉપકરણ અને અધિકરણ.**

આ વગેરે જે સાધનો, ઉપકરણો જણાવ્યાં તે જો સામાયિકના હેતુએ હોય, તેથી જો સમતાનો લાભ મળતો હોય, તોજ ઉપકરણ (ઉપકારનાં કારણ) કહેવા યોગ્ય છે, નહિતો એ અધિકરણ (હિંસાનાં કારણ) થાય છે. એટલે કે ઉપર જણાવેલા હેતુ ભુલી જવાય, અને હેતુ પ્રતિ દૃષ્ટિ રાખ્યા વિના અંધ પરંપરાથી એમ કહેવામાં આવે કે આમજ જોઇએ. અને એ કદાગ્રહમાં પરિણામ પામે, તો તે અધિકરણોજ લેખાય.

**ઉનની ઉપયોગિતા.**

ચરવલો, પ્રોંચ્છનક એ આદિ ઉનનાં રાખવામાં કારણ એ છે કે-(૧) ઉનમાં સુતર કરતાં વધારે ગરમી રહેલી છે. અને તેની શારીરિકયોગ ઉપર, ચળવિચળપણાપર, પરિણામે મનોયોગ ઉપર પણ સારી અસર છે. (૨) કાપડની બનાવટમાં જેટલો આરંભ આદિ દોષ લાગે છે તેટલો ઉનમાં સંભવતો નથી. કેમકે કાપડ કર્ષણ આદિ મહારંભ પછીજ બને છે, જ્યારે ઉન બકરાં કે ઘેટાંના **નકામા** વાળ છે. આ કારણસર ઉનને પવિત્ર ગણ્યું સંભવે છે. દેવપૂજન આદિમાં અશુચિદોષ નહિ લાગવામાં ઉનને મુખ્ય ગણ્યું છે. તેમાં ઉપર જણાવેલાં બે કારણો હોવાં ઘટે છે.

**રેશમ છાંડવા યોગ્ય.**

હાલ ઠેર ઠેર રેશમની પવિત્રતા મનાતી ચાલી છે; અને દેવપૂજન આદિમાં એનો ઉપયોગ થવા સાથે સામાયિકાદિમાં પણ એના વપરાશની હિમાયત થતી જોવામાં આવે છે, તે આ કારણોથી અયોગ્ય લાગે છે. પ્રથમ વૃત્તિએ તો દેવપૂજન આદિમાં રેશમનો ઉપયોગ ચાલુ છે તે કોઇ રીતે નભાવવો યોગ્ય નથી. રેશમ એક ઉંચી અને શોભિતી વસ્તુ છે, એ ખરી વાત છે. અને દેવપૂજનાદિ પવિત્ર, આત્મહિતરૂપ દ્રવ્યક્રિયામાં એનાં શોભનિક, અમૂલ્ય, સુંવાળાં, મનહર વસ્ત્રોનો ઉપયોગ એ તે પવિત્ર ક્રિયાને છાજતો તથા ભક્તિ-બહુમાન સૂચક હોવાથી ખરેખર અનુમોદવા અને પુષ્ટિ કરવા યોગ્ય છે. છતાં જો એ વસ્તુની ઉત્પત્તિનો આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર કરીએ તો આપણને ચોક્કસ લાગશે કે એ વસ્તુ નિંદ્ય છે; ઘણી હિંસા પછી તો એ રેશમ બને છે. આપણા ભાંઇઓને વિદિત છે તેમ રેશમ એક જાતના કીડામાંથી બને છે. થોડાં વર્ષ પહેલાં ચીનમાંથી એ કીડો કોઇએ અત્રે ભરતખંડમાં દાખલ કર્યો આ ઐતિહાસિક વાત છે. એ કીડો શેતુરનાં પાન ખાઇ જીવે છે, શેતુરનાં પાનથી એને ઉછેરવામાં આવે છે. એ કીડો મોટો થતાં તેના પેટમાં સુંવાળા રેશાનું કોકડું બંધાય છે; જ્યારે તે પરિપક્વ સ્થિતિમાં આવે છે, ત્યારે તે કીડાને ઉના ધખધખતા પાણીમાં ઝબોળી તેને તેના વ્હાલા પ્રાણ (જીવ ગમે તે યોનિમાં હોય ચાહે તો ચક્રવર્ત્તી હોય, ચાહેતો ભુંડ હોય, પણ તેને તે તે દેહમાં મોહ રહેલો છે, તે દેહ પ્રતિ એને એવી વ્હાલપ વળગી હોય છે કે તે દેહે ગમે તેવાં દુઃખ સહન કરવાં પડે તે કબુલ, પણ તે દેહથી છુટા થવું ન ગમે. આ અનુભવ સિદ્ધ વાત છે. મરણ કોને ગમે?) થી વિખુટો પાડવામાં આવે છે. એક કોશેટામાંથી તો પાવલી કે અરધાભાર રેશમનું (Raw Silk—કાચું રેશમ) કોકડું નીકળે; તે કાચું રેશમ પણ સાફ કરતાં માંડ બેઆનીભાર રહે, આમ એક જીવડામાંથી કદાચ બેઆનીભાર સાફ રેશમ નીકળે, તો અત્યારે લાખો રતલ સાફ રેશમ પ્રતિ વર્ષે ક્રયવિક્રયમાં જાય છે, તે માટે કેટલા નિરપરાધી કીડાનો સંહાર થતો હશે, એ ખ્યાલમાં આવી શકે એમ છે; એ ખ્યાલમાં આવતાં આપણી આંતરડી કંપ્યા વિના, દુભાયા વિના રહે એમ નથી, અને એ વિચાર આવતાં છતાં આપણા અંતરમાં કાંઇ દયાની લાગણી ન સ્ફુરે તો નિશ્ચે સમજવાનું છે કે આપણી મનસ્થિતિ પાકવાને હજી ઘણો ઘણો વખત છે, તો રેશમી વસ્ત્રોનો ઉપયોગ કરવો અને આવા હિંસાજન્ય કાર્યને ઉત્તેજન આપવું એ બરોબરજ છે. આ બાબત લક્ષમાં લઇએ તો ગૃહવ્યાપારમાં પણ રેશમ નિષેધવા યોગ્ય છે; પરંતુ વિપરીત દેશકાળને લઇ અથવા પ્રચલિત દેશરૂઢિને લઇ કદાચ ગૃહવ્યવહારમાં એ જોખમ ચલાવી લઇએ, પણ દેવપૂજનાદિ પવિત્ર આત્મહિતરૂપ વ્યવહારમાં તો એ ચલાવી લેવું એ મોહનું સામ્રાજ્યજ લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેશમની ઉત્પત્તિ કેમ થાય છે એ જેણે જાતે જોયું છે, એવા કોઇ કોઇ ભાઇઓએ તો દયાર્દ્ર થઇ એનો ઉપયોગ છાંડી દીધો છે. પ્રથમજ કહ્યું છે કે વ્યવહારમાં બહુ મૂલ્યવાન્, શોભનિક વસ્તુ હોવાથી એ રૂપે પ્રભુભક્તિ બહુમાનરૂપ થાય છે. અને એમજ ભક્તિ કર્તવ્ય છે. એવાં પવિત્ર શોભનિક વસ્ત્રોવડે દેવ-પૂજા આદિનો વ્યવહાર લાંબા કાળથી ચાલ્યો આવે છે, તે પણ વાસ્તવિક છે; એને એવો પવિત્ર વ્યવહાર કોઇ પણ રીતે નિષેધવા કે ખંડવા યોગ્ય નથી તે પણ વાસ્તવિક છે. પણ સવાલ ઉભો એ થાય છે કે જે પવિત્ર સુંવાળાં શોભનિક રેશમના નામે ઓળખાતાં કાપડ હિંદમાં શેતુરનો કીડો દાખલ કર્યા પહેલાં વપરાતાં તે અને હાલ વપરાય છે તે એકજ છે? અત્રે મીલો થઈ અને પરદેશી કાપડ આવવા લાગ્યું તે પહેલાં આપણા પૂર્વજો કપડાં નહોતા પહેરતા ? ના, તેઓ પણ દેશી વણાટનું શક્તિ અનુસાર કોઇ ઉંચું બારિક, કોઇ જાડું ખાદીનું કાપડ વાપરતા. દેશમાં મીલ આદિના યાંત્રિક પ્રચારથી જેમ એ દેશી વણાટ ઘણે ભાગે બંધ થઇ ગયેલ છે તેમજ આ શેતુરના કીડામાંથી બનતા રેશમના પ્રચાર પછી રેશમ જેવું, કેળના થડ આદિના રેસામાંથી કે અન્ય રીતે શોભનિક કાપડ બનતું હશે તેનું નામ નિશાન પણ નથી રહ્યું, એમ કલ્પનામાં આવે છે. પૂર્વે રેશમી કાપડનો વ્યવહાર હતો એતો આપણને ઇતિહાસ અને તે વખતનાં સાહિત્યથી પ્રતીત થાય છે, અને તે અહિંસારૂપ અથવા જેથી ઘણી થોડી હિંસા (હાલ બનતા રેશમની અપેક્ષાએ) થાય તે રૂપે બનતું હશે એમ પણ પ્રતીત થાય છે, કેમકે પૂર્વકાળમાં દેહશોભા, દેહસુખ એ વગેરે અર્થે જેટલાં જેટલાં સાધનો બનતાં તે તદ્દન સરળ, નિ-ગમય સાદા ઉપાયોથી સધાતાં; તે સાધનારાઓ પાપભીરૂ હતા, હિંસાથી ડરતા હતા, જેમ બને તેમ ઓછી હિંસા ઇચ્છતા, અથવા ઓછી હિંસા ઇચ્છે કે ન ઇચ્છે, પણ તે વખતની સામાજિક પ્રવૃત્તિજ એવી હતી કે જેથી સહેજે ઓછી હિંસા થાય. આવા સમયમાં રેશમાદિ ઓછી હિંસાએ થતું હશે એ માની શકાય એવું છે. રેશમની (હાલ વપરાતાં) ઉત્પત્તિનું આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્ય દર્શન થયું. સર્વ જીવ પ્રતિ દયાનો ઝુંડો ઉઠાવનાર દયાધર્મીઓએ પ્રાણીહિંસાથી થતી વસ્તુનો ઉપયોગ સર્વથા ગ્રહવ્યવહારમાંથી પણ બંધ કરવો જોઇએ છે; તોપછી દેવપૂજન કે સામાયિકાદિ પવિત્ર અનુષ્ઠાનમાં એવી ચીજનો ઉપયોગ કોઇ પણ રીતે વિવેકદૃષ્ટિએ યોગ્ય લાગતો નથી. કોઇ એમ કહે કે શેતુરનો જીવડો તો થોડા વખતમાં મરી જાય એમ છે, અને આતો એને ખવડાવી–પીવડાવી મોટો કરીએ છીએ, એને સુખી કરીએ છીએ, અને તરતમાં મરી જવાનો તો છે, તો આતો ઉપકારનો બદલો છે. આ વિચારણાજ મોહનું સામ્રાજ્ય સૂચવે છે. પ્રથમ તો હિંસાના પરિણામે– હંસા કરવાના ભાવથી તો એને ઉછેરો છો, તેમાં ઉપકાર કયાં રહ્યો? કેવળ અજ્ઞાન છે. આમ રેશમના ઉપયોગ બાબતમાં સામાયિક વિધિ વિષે જાણવું.

**૫ બીજી ઉપધિ**–આ સામાયિકનાં કેટલાંક ઉપકરણોની વાત થઇ; હવે શરીરપર પહેરવાનાં કપડાં સંબંધી વિચાર કરીએ. પુરૂષે શુદ્ધ અખંડ ધોતીયું પહેરવું, તેને કંદોરો બાંધવો; ટાઢ સહન ન થઈ શકતી હોય તો તેથી દેહના રક્ષણ માટે (કાઉસગ્ગ આદિમાં તો નજ જોઇએ.) પછેડી, ધોતીયું કે શાલ રાખવી. શરીર સત્કાર, વિભૂષાદિ ત્યાગવાં. મુખ્યવૃત્તિએ જેથી દેહાધ્યાસ છુટે અને સમતાભાવ આવે એવી રીતે સામાયિક કરવાનો અભ્યાસ પાડવો. (ઉપર જણાવેલાં કપડાં આદિ ઉપકરણોમાં) જેના વિના ચાલી શકે તેમ હોય તેના પરથી તો સામાયિકી કાળમાં અવશ્ય મૂર્છા ઉતારવી–મૂર્છા ઉતારવાની ટેવ પાડવી. એમ કરવાથી સમભાવે પરીષહ વેદવાનો અભ્યાસ પડશે; જે પરિણામે કલ્યાણકારી છે. દ્રવ્ય, દેશ, કાળ, ભાવ જોતાં જે સમર્યાદ ગણાય તેવા પહેરવેશમાં સ્ત્રીપુરૂષે વર્ત્તવું યોગ્ય છે. ઉપર કંદોરો રાખવાનું સૂચવ્યું છે, તે મુખ્યવૃત્તિએ સુતરનો રાખવા યોગ્ય છે. તે ધોતીયાંને બંધનના હેતુએ છે; ધોતીયું નીકળી જવાનો વિકલ્પ ટળવાનું સાધન છે. બીજી રીતે જોતાં સામાયિકની સ્મૃતિ કરાવનાર એક સાધન ગણાય. આમ કંદોરાની જરૂરિઆત હોવી ઘટે છે. છતાં ઉપર જણાવેલ હેતુ અન્યથા સરતો હોય તો ડાહ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસો પ્રવર્તે તેમ પ્રવર્ત્તવું યોગ્ય છે. વસ્ત્ર શુદ્ધ, શ્વેત અને અખંડ રાખવાં. શ્વેત એ ઉજ્વળ ભાવ સૂચવે છે; અર્થાત્ સામાયિકમાં ઉજ્વળ, નિર્મળભાવ રાખવા. અખંડ એ સામાયિક એક ધારાએ યથાવિધિ કરવાનું સૂચવન છે. શુદ્ધ એ સામાયિકમાં શુદ્ધ, નિર્મળવૃત્તિનો બોધ કરે છે. સારા-નરસા પુદ્ગળની મન ઉપર અસર થાય છે; તો જેથી મનને નિર્મળ રહેવાનું બને, તેને સદ્વિચાર, સાત્વિકભાવ સ્ફુરે એવાં નિમિત્તો મેળવવા ઉપકારી છે. નિશ્ચય નયથી સામાયિક ઉપર મુજબની જરૂર જોતું નથી, તથાપિ શુદ્ધ ભાવના નિમિત્તરૂપ શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ વ્યવહાર જે શિષ્ટ પુરૂષોએ પ્રરૂપ્યાં હોય અને આચર્યાં હોય, તે પ્રમાણે વર્ત્તવું શ્રેયસ્કર છે. "નિમિત્તવાસી આતમા મન મોહન મેરે"- તેમ આત્મા જ્યાં સુધી તેની સહજસ્વભાવરૂપ સ્થિતિ ન થાય ત્યાં લગણ નિમિત્તવાસી છે, અર્થાત્ સ્વસ્વભાવમાં આવવા પૂર્વે તેના પર યોગદ્વારા સારાનરસા પુદ્ગલોની અસર થાય છે. "ઘર હિ વન હે, વન હિ ઘર હે" એમ ઝુંપડું અને મહેલ, ઘર અને વન એ જ્ઞાનીને સરખાં છે; એની અસર જ્ઞાનીને થતી નથી, પરંતુ બાળજીવોને શુદ્ધ દ્રવ્ય, સારા પુદ્ગળ, સારાં નિમિત્તની પરમ આવશ્યકતા છે, અને એ હેતુએ બાળજીવોને ઉપકારક સામાયિકમાં શુદ્ધ વસ્ત્રાદિનો વિધિ કહ્યો છે. અપૂર્ણ

---

# શ્રી જૈન યશોવિજય પાઠશાળા સંબંધી સ્વાનુભવ.

( લેખક સન્મિત્ર કર્પૂરવિજય )

મહાશય સજ્જનો ! આજ હું બનારસસીટીમાં ગત ત્રણ વર્ષ થયાં સ્થાપિત થયેલી શ્રી જૈન યશોવિજય સંસ્કૃત પાઠશાળા સંબંધી સ્વાનુભવ મુજબ મારી ખાસ ફરજ સમજી જાહેર અભિપ્રાય આપવો દુરસ્ત ધારૂં છું, એવા આશયથી કે ઉક્ત પાઠશાલા સંબંધી જેઓએ યોગ્ય અનુભવ કર્યા વિના ઉતાવળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર કર્યા હોય યાતો ઉતાવળા થઇને પોતાના વગર વિચાર્યા અભિપ્રાય જાહેર કર્યા હોય તેમને તેતે સુધારવાને યાતો તે સંબંધી સાક્ષાત્ અનુભવ કરી જોવાને અનુકૂળ વખત મળી શકે.

મહાશયો ! જૈન વિદ્યાનો પ્રસાર કરવા રૂપ ઉત્તમ હેતુથી પ્રથમ આવેલા સપ્તર્ષી પૈકી ત્રિપુટી અહીંથી દુર્દૈવવશાત્ અગ્નિરથારૂઢ થઇ અનેક ભવ્ય શાસનરાગી સજ્જનોના મનમાં ભ્રમ પેદા કરી પલાયન કરી ગઇ ત્યાર પહેલાં ઉક્ત પાઠશાળા આપણામાં બહુ પ્રતિષ્ઠાપાત્ર થઇ હતી, અને તેથીજ અનેક સ્થળેથી શ્રદ્ધાળુ લોકો તરફથી આ પાઠશાળાને હજારો રૂપીઆની ભેટ થતી હતી, જે કે આજકાલ ઉક્ત ત્રિપુટીના ગયા બાદ લગભગ અટકી ગઇ જણાય છે. આવી મોટી સંસ્થાના નિર્વાહ માટે જરૂર યોગ્ય Donation ભેટમાં વિઘ્નભૂત થયેલી ત્રિપુટી સંબંધી તપાસ કરતાં એવો પત્તો મળ્યો છે કે તેઓ ભાદ્રપદ શુદિ ચતુર્દશીને દિવસે એક પછી એક સ્થંડિલ જવાદિકનું બ્હાનું કાઢી સંકેતિત સ્થળે મળી ગયા હતા. મોડી રાત્રે ખબર પડતાં અહીંથી પાછા બોલાવી લાવવા ગયેલ મુનીમનો તથા તેમના પરમ ઉપગારી મહારાજ શ્રી ધર્મવિજયજીનો કેવળ અનાદર કરી ત્વરાથી રેલદ્વારા સ્વાભિપ્રેત સાધુને જઈ મળ્યા હતા. ઇચ્છિત સ્થળે પહોંચ્યા પછી તેઓએ કેવળ પરમાર્થદાવે પ્રયત્ન કરનાર મુનિ શ્રીધર્મવિજયજીને ઠામઠામ વિગોવવાનું શરૂ કર્યું, જેમાં તેઓ કેટલેક અંશે ફાવ્યા પણ ખરા; અથવા તો તેવાં કામ કરવામાં વિશિષ્ટ પુરૂષાર્થની જરૂર પડતીજ નથી તેથી તેમને તે કામ સુસાધ્ય થયું.

અહો કલિકાળ! તારૂં માહાત્મ્ય ! અહો મોહ ! તારૂં પ્રાબલ્ય ! પ્રાણી કેવા ઉદ્દેશથી કાર્ય આરંભે છે અને તેમાં તે કેવી કફોડી સ્થિતિમાં આવી પડે છે ! પરંતુ આવા બારીક સમયે મહારાજ શ્રી ધર્મવિજયજીએ અત્યંત સહનશીલતા વાપરી પાઠશાળા પાછળ પોતાની જીંદગી અર્પણ કરવા નિશ્ચય કરી ગુજરાતમાં સારા સારા સાધુજનોની અને શ્રાવકોની સહાય માગી. પ્રતિષ્ઠિત જનો તરફથી મને પ્રેરણા થતાં આવાં પવિત્ર કામને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય આલંબન આપવા મારૂં મન લલચાયું. ચતુર્માસ અનંતર આ તરફ પ્રયાણ શરૂ કર્યું અને માળવા વિગેરે સ્થળોની સ્પર્શના કરી, માર્ગમાં બની શકે તેટલું જિન ચૈત્યવાળાં શ્રાવકની કંઇક વસ્તીવાળાં શહેરો જેવાં કે ઝાંસી, કાનપુર, લખનોર વિગેરે સ્થળે ટકી, હિતોપદેશ દઈ અત્ર લગભગ છ માસે આવી પહોંચવાનું બન્યું. માર્ગમાં રત્નપુરી અયોધ્યાજી વિગેરે કેટલીક કલ્યાણક ભૂમિની સ્પર્શના થઇ શકી. અંતે શ્રીપાર્શ્વ પ્રભુના કલ્યાણકથી પવિત્ર ભૂમિ સ્પર્શવા ભાગ્યશાળી થઈ શકયો. અહીં આવ્યા બાદ હું પાઠશાળા, પાઠશાળાના પ્રવર્તક સાધુઓ તેમજ વિદ્યાર્થી સંબંધી કંઇ કંઇ બનતી તપાસ કરવા લાગ્યો. તપાસ કરતાં અંતે મને તત્ તત્સંબંધી સંતોષ જાહેર કરવા કારણ મળી આવ્યું. મારા અત્ર આવ્યા બાદ વાર્ષિક પરીક્ષા શરૂ થઈ, જેમાં ઓરલ (મોઢેથી) પરીક્ષામાં મેં પણ હાજરી આપી હતી. પરિણામ ઘણુંજ સંતોષકારક આવ્યું છે તે જૈનપત્રાદિકથી સ્પષ્ટ સમજાશે.

અહીં આવ્યાબાદ બાળકોમાં નૈતિક તથા ધાર્મિક શિક્ષણની અભિવૃદ્ધિ આવશ્યક જાણી તેવાં વ્યાખ્યાનો આપવાં શરૂ કર્યાં. બાળકો પણ પ્રેમપૂર્વક શ્રવણ કરવા લાગ્યાં. મને ભાસ્યું કે વિવિધ લેખો લખવા કરતાં આવાં ઉછરતાં બાળકોને કેળવવામાં વિશેષ હિત રહેલું છે. પાઠશાળાના વિદ્યાર્થી બાળકો પૈકી કેટલાંક બહુ સારી બુદ્ધિ ધરાવે છે. કેટલાક વિદ્યાર્થીઓ સંસ્કૃતમાં અચ્છી રીતે વાત કરી શકે છે. યાવત્ પ્રબંધ પણ રચવા હિંમત ધરાવે છે. અત્ર પ્રાયઃ જૈન વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોશ વિગેરે ભણાવવામાં આવે છે. કેટલાક વિદ્યાર્થીઓને હૈમ લઘુવૃત્તિ પૂરી થઇ રહેવાથી લગભગ દશ જણાએ સિદ્ધ હેમ બૃહત્વૃત્તિ શરૂ કરી છે. સાધુઓમાં મંગળવિજયજીનો અભ્યાસ બહુ સારો છે. વ્યાકરણમાં હાલ છેલ્લો ગ્રંથ શેખર વાંચે છે. ન્યાયમાં સારો બોધ થયો છે. તે પોતે ૧૧ વિદ્યાર્થીઓને વાંચના આપેછે. વલ્લભવિજયજીને પણ બોધ ઠીક લાગેછે. ઇંદ્રવિજયજી પાઠશાલા તરફથી છપાતાં પુસ્તકના પ્રુફ સુધારવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામમાં રોકાવા ઉપરાંત સાધુઓની વૈયાવચ્ચ કરે છે. એકંદર સાધુઓ નમ્ર, ગુણગ્રાહી અને તત્ત્વજિજ્ઞાસુ છે. મારી સાથે આવેલા સાધુઓ પણ પોતપોતાને યોગ્ય વ્યાકરણાદિ અભ્યાસમાં જોડાઇ ચુક્યા છે. યોગિજી અને મુનિજીએ સિદ્ધહેમ શરૂ કર્યું છે. ભક્તિવિજયજી તથા પુણ્યવિજયજી કાવ્ય વાંચે છે. ચારિત્રવિજયજીએ લઘુવૃત્તિ માંડી છે. દરેકજણ અભ્યાસમાં બહુ સારો શ્રમ ઉઠાવે છે. અત્ર જ્ઞાનનું અચ્છું વાતાવરણ બન્યું રહે છે, જેથી દરેક જિજ્ઞાસુ અભ્યાસ કરવા લલચાય છે. પ્રાયઃ જ્યારે ત્યારે દિનરાત વિદ્યાર્થીઓમાં ન્યાય કે વ્યાકરણની ચર્ચા ચાલ્યા કરે છે. અનેક અન્યદર્શની બાવા સન્યાસીઓ પાઠ વિચારવા આવે છે. આ પાઠશાળાની આ નગરીવિષે સારી પ્રતિષ્ઠા જામી છે. અનેક વિદ્વાનોમાં પણ પાઠાશાળા ચાવી થઇ છે. તેઓ જૈનધર્મ વિષે અને જૈનસાધુઓના સદાચાર વિષે બહુ સારો મત ધરાવે છે. મુનિશ્રી ધર્મવિજયજીએ અલ્હાબાદ ભારતવર્ષીય મહાસભામાં વિદ્વાનો સમક્ષ સંપ વિષે અસરકારક ભાષણ આપી બહુ સારો યશ સંપાદન કરવા સાથે જૈનધર્મનો યશપટહ વગાડ્યો છે. આવા પ્રભાવક પુરૂષોના પૂર્ણ પ્રેમપૂર્વક યશોગાન કરવાને બદલે તેમના અવર્ણવાદ બોલે છે તેઓ કેવું અઘટિત કાર્ય કરે છે તેનો તેમણેજ વિચાર કરવો. અમે તો દિન પ્રતિદિન ઉક્ત પાઠશાળાનો વિજય થાઓ એવું અંતઃકરણથી ઇચ્છીશું. ઇત્યલમ્

## શ્રી યશોવિજયજી પાઠશાળા સંબંધી અગત્યની સુચના.

(લેખક સન્મિત્ર કર્પૂરવિજય.)

મહાશય જૈનભાઇઓને વિદિત થાય કે આ પાઠશાળાની સાક્ષાત્ સ્થિતિ તપાસી તત્સંબંધી સંતોષ જાહેર કરવા જરૂરનું છે કે અત્ર જૈન પાઠશાળામાં પઢતા સર્વે વિદ્યાર્થીઓની ભણવા ગણવા, ખાવા પીવા, ઓઢવા પહેરવા, ફરવાહરવા સંબંધી સંભાળ યોગ્ય રીતે લેવામાં આવે છે. વિદ્યાર્થીઓ નમ્ર, માયાળુ, સરલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા જીજ્ઞાસુ સાથે સતત અભ્યાસી–મહેનતુ છે. પોતપોતાની ઉચિત ફરજ તેઓ સારી રીતે બજાવે છે. ધર્મવ્યાખ્યાનો સાંભળે છે. અચિત્તજળ વાપરે છે, રાત્રિભોજન કરતા નથી. અભક્ષ્ય અનંતકાયાદિક તજે છે. શ્રી દેવગુરૂની ઉચિત ભક્તિ સાચવેછે, પરસ્પર સંપીને રહી અભ્યાસ કરે છે, અને અભ્યાસ કરવામાં અરસ્પરસ જોઇએ તેવી સહાય અર્પે છે, સાધુજનોનો અભ્યાસ પણ સારો ચાલે છે. અત્ર જૈન વ્યાકરણ, કાવ્યકોશ, ન્યાય, અલંકારાદિક શાસ્ત્રો ભણાવવામાં આવે છે. હાલમાં અત્ર લગભગ ૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેમાંના ૧૧ જણા સિદ્ધહેમ બૃહતવૃત્તિ ભણે છે અને બાકીના સિદ્ધહેમ લઘુવૃત્તિ ભણે છે. મુનિ મંગળવિજયજી શેખર ભણે છે તથા ન્યાયનો પણ અભ્યાસ કરે છે. બીજા પણ સાધુઓ સિદ્ધહેમ (મોટું) ન્યાય તથા કાવ્યાદિકનો અભ્યાસ કરે છે. કેટલાક વિદ્યાર્થીઓનું ભવિષ્ય બહુ સારૂં અનુભવાય છે. વાર્ષિક પરીક્ષા થઇ ચુકી છે તેનું પરિણામ જોવાથી ખાત્રી થશે કે વિદ્યાર્થીઓ કેટલો પરિશ્રમ કરે છે. ઇનામનો મેળાવડો હવે પછી થવાનો છે, તે વખતે પ્રતિષ્ઠિત માણસો આવી મળવા સારી વક્કી રહે છે. અભ્યાસીજનોને આ પાઠશાળાનું સ્થાન બહુ અનુકૂળ લાગે છે. આટલું પ્રસંગોપાત કહી કેટલીક અતિ અગત્યની બાબતો તરફ સજ્જનોનું ધ્યાન ખેંચું છું, જે તરફ આશા છે કે તેઓ દુર્લક્ષ નહિ કરશે.

૧ સજ્જનો! આપ આપણા બંધુ બાળકો વગેરેને ઇંગ્રેજી કેળવણી આપવા જેટલો શ્રમ લ્યોછો અને કાળનો તથા ધનનો વ્યય કરોછો તેનાં સોમે ભાગે પણ પવિત્ર ગિર્વાણ ( સંસ્કૃત ) ભાષા શિખવવા માટે કરતા નથી. તેથી દિન પ્રતિદિન પવિત્ર જ્ઞાન વિચારમાં આપણે પશ્ચાત પડતા જઇએ છીએ. માટે ઉચિત છે કે શ્રીમંત કે ગરીબ જૈનબચ્ચાએ પોતપોતાથી બનતો આત્મ ભોગ આપી પવિત્રજ્ઞાનની વૃદ્ધિ કરવાના પાવન્ર હેતુથીજ સતત મહેનત કરી તેવા તીક્ષ્ણ બુદ્ધિવાળા જૈન વિદ્યાર્થીઓને તૈયાર કરવા કે જેથી આપણે છતી સામગ્રીએ અન્યદર્શની વિદ્વાનોનું મોં ભોલાવવા જવું પડે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ આવા જ પવિત્ર ઈરાદાથી કાશી જેવી વિદ્યાપુરીમાં સ્થપાયેલી આ પાઠશાળાની દરેક રીતે ઉન્નતિ થાય તેવી યથાશક્તિ સહાય આપવા દરેક જૈન બન્ધુઓએ પોતાની પવિત્ર ફરજ ભૂલવી નહિ.

૩ કેટલીક પાઠશાળાનો અનુભવ કરીને ખાત્રીપૂર્વક જણાવું છું કે જેને અદ્વિતીય વિદ્વાન થવું હોય તેણે આ પાઠશાળામાં દાખલ થવા વિચાર રાખવો. તીક્ષ્ણબુદ્ધિવાળાને થોડાજ વખતમાં સારો લાભ થશે. સામાન્યરીતે સારી બુદ્ધિવાળાને જરૂર કાળક્રમે સારો લાભ થઇ શકશે.

૪ પાઠશાળાનું હિત હૈયે ધરનાર કે આવા અનુપમ સ્થાનથી અપૂર્વ લાભ લેવા ઇચ્છનાર ગૃહસ્થો કે સાધુજનો પોતપોતાના બુદ્ધિશાળી બાળકોને, બંધુઓને કે શિષ્યોને પવિત્ર જ્ઞાનની ઉન્નત્યર્થે અત્ર મોકલવા ધારશે અને જો તેઓ પોતાના પુત્રાદિકને મોહ મૂકીને પવિત્ર જ્ઞાન પેદા કરવા વારંવાર પ્રેરણા કરતા રહેશે તો જરૂર તેઓ મહાન્ લાભ હાંસલ કરી શકશે.

૫ જો વિદ્યાર્થીઓ પોતાના વડીલની આજ્ઞામાં વર્તીને વિદ્યા સંપાદન કરવા ધારશે તો તે અત્ર કંઇક વિશેષ સ્થિરતાયોગે ઉત્તમ લાભ સંપાદન કરી શકશે.

૬ અત્ર પાઠશાળામાં પવિત્ર વિદ્યા સંપાદન કરવાના અર્થી જનોને તન મન અને ધનથી સહાયદ્વારા પુષ્ટિ આપનાર સદ્ગૃહસ્થો પણ જ્ઞાનાવરણી કર્મને દૂર કરી શકશે.

૭ આવી સંસ્કૃત પાઠશાળા જેવી મહા સંસ્થાને કાયમને માટે નિભાવવા સ્વશક્તિ ગોપવ્યા વિના જેઓ અંતઃકરણથી 'પાઠશાળાનિર્વાહકફંડ'માં સારી સખાવત (સહાય) કરશે તે શ્રાવક શ્રાવિકાઓ અનેક વિદ્યાર્થીજનોના આશીર્વાદના ભાગી થશે.

સજ્જનો! આપણે ઇચ્છીશું કે આપણી આવી અતિ ઉપયોગી પાઠશાળાના હિતની ખાતર તત્સંબંધી જરૂર જેટલો અનુભવ કરી થોડા વખતમાં પવિત્ર શાસનનું હિત હૈયે ધરનાર વિદ્વાન સજ્જનો પોતાના ઉદાર અભિપ્રાય જાહેર કરી ઉક્ત પાઠશાળાની ઉન્નતિદ્વારા શાસનની ઉન્નતિ કરવા ભાગ્યશાળી બનશે.

शुभं स्यात् सर्व भूतानाम्.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वर्त्तमान समाचार.

અનુકરણ યોગ્ય પ્રચાર—ગયા વૈશાખ વદિ ૩ ના રોજ અત્રેના પ્રતિષ્ઠિત જૈન ગૃહસ્થ **શા જુઠાભાઈ વાલજી** પોતાની ૬૩ વર્ષની વયે પંચત્વને પામ્યા છે. એઓ વિચક્ષણ અને દીર્ઘદૃષ્ટિવાળા તેમજ અત્રેના સંઘમાં એક આગેવાન હતા. તેમનો અભાવ થવાથી અહીંના સંઘમાં એક પુખ્ત બુદ્ધિમાન્ પુરૂષની ખામી આવી પડી છે. એઓએ અંતાવસ્થાએ પોતાના જે વિચારો બતાવેલા તે અનુસારે તેમના સુપુત્ર મોતીલાલ તથા ચુનીલાલે તેમની પાછળ કારજ કરવાના દુષ્ટ ચાલને તજી દીધો છે અને આગળ ઉપર યોગ્ય અવસરે સ્વામીવાત્સલ્ય કરવાની ઇચ્છા રાખી છે. તદુપરાંત તેમની પૂજ્ય મુકવાને પ્રસંગે મોટા સમુદાય સમક્ષ નીચે જણાવેલા શુભ કાર્યોમાં રૂ૧૧૦૧) ની રકમ આપવાનું જાહેર કર્યું છે.

૩૦૦) મરણતિથિએ વ્યાજમાં સ્વામીવાત્સલ્ય કરવા.
૧૫૦) નિરાશ્રીત શ્રાવકભાઇઓને અનાજ આપવા.
૧૦૦) ભાવનગર પાંજરાપોળમાં.
૧૦૦) શ્રી પાલીતાણે તળાટીએ વાપરવા.
૧૦૦) પારેવાની જુવારમાં બહારગામ આપવા.
૧૦૦) વડવાને દેરે નવપદજીની પૂજા ભણાવવામાં વ્યાજ વાપરવા.
૫૧) મરણતિથિએ વ્યાજમાં આંગી કરાવવા.
૪૧) શ્રી કમળેજના દેરાસરના જીર્ણોદ્ધારમાં.
૨૫) શ્રી બનારસ જૈન પાઠશાળામાં.
૫૦) અત્રેની જૈન વિદ્યાશાળા તથા જૈન કન્યાશાળામાં.
૨૫) જીવ છોડાવવામાં.
૨૫) પ્રભુની પખાળના દુધમાં વ્યાજ વાપરવા.
૨૦) શ્રી જૈનધર્મ પ્રસારક સભા તથા શ્રી આત્માનંદ જૈન સભામાં
૧૪) સાત ક્ષેત્રમાં.

આ દાખલાનું બીજા ગૃહસ્થોએ અનુકરણ કરવા યોગ્ય છે આવે અવસરે ઓછી વત્તી મદદ કરવા નિમિત્તે દરેક શુભખાતાને મદદ કરવાથી દરેક ખાતાને પોષણ મળી શકે છે. બીજી રીતે દ્રવ્યનો વ્યય કરવા કરતાં આ માર્ગ વધારે સ્તુત્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોપાનીયું રખડતું મુકીને આશાતના કરવી નહીં.

## નવી બુકોની જાહેર ખબર.

અમારી તરફથી છપાયેલ વેચાણ બુકોનું લીસ્ટ તથા વધારા ઉપરાંત નીચે જણાવેલી બુકો પણ અમારી ઓફીસમાંથી મળી શકશે.

| | | |
|---|---|---|
| ઉપદેશ પ્રાસાદ ભાગ ૩ જો (સ્થંભ ૧૦ થી ૧૪ નું) ભાષાંતર. | શાસ્ત્રી | ૧—૮—૦ |
| ચરિતાવળી ભાગ ૩ જો (ચંપકશ્રેષ્ઠી, રતિસાર, વત્સરાજ, નળદમયંતી, સ્થૂલભદ્ર, તથા સુરસુંદરીનાં ચરિત્રો) | ગુજરાતી | ૧—૦—૦ |
| દરેક ચરિત્રની છુટી નકલના ત્રણ ત્રણ આના. રાખેલા છે. | | |
| શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર. મૂળમાગધી પદ્યબંધ | શાસ્ત્રી. | ૦—૮—૦ |
| પ્રતિક્રમણ હેતુ (સંસ્કૃત ગ્રંથનું ભાષાંતર) | ગુજરાતી. | ૦—૮—૦ |
| જૈન તત્ત્વાદર્શ પૂર્વાર્દ્ધ. | ,, | ૧—૦—૦ |
| સદર ઉત્તરાર્દ્ધ | ,, | ૧—૦—૦ |
| સમરાદિત્ય સંક્ષેપ. સંસ્કૃત શ્લોક બંધ. | શાસ્ત્રી | ૨—૮—૦ |
| જૈનમાર્ગ પ્રવેશિકા. | ગુજરાતી | ૦—૨—૦ |
| જૈનમાર્ગ પ્રારંભ પોથી. ભાગ ૧ લો | ,, | ૦—૧—૬ |
| શ્રાવિકા શિક્ષણ રહસ્ય. | ,, | ૦—૨—૦ |
| ગુણવર્માનો રાસ. (સત્તરભેદી પૂજા ઉપર) | ,, | ૧—૦—૦ |
| પ્રકરણમાળા. મૂળ (જીવવિચારથી કર્મગ્રંથ પર્યંત) | શાસ્ત્રી. | ૦—૮—૦ |
| પયન્ના સંગ્રહ (ચઉસરણ વિગેરે અર્થ સહિત) | ,, | ૦—૪—૦ |
| અજ્ઞાન તિમિર ભાસ્કર. (બીજી આવૃત્તિ) | ,, | ૨—૮—૦ |
| નવ તત્ત્વનો સુંદર બોધ. | ગુજરાતી | ૦—૧૨—૦ |
| જીવ વિચાર વૃત્તિ. | ,, | ૦—૬—૦ |
| જૈન સ્તોત્ર સંગ્રહ પ્રથમ ભાગ. (બનારસ) | શાસ્ત્રી | ૦—૭—૦ |
| અષ્ટાધ્યાયી. (શ્રી સિદ્ધહેમ સૂત્રપાઠ) | ,, | ૦—૫—૦ |
| ગુણવંતી સ્ત્રીઓને વિવાહમાં ગાવાનાં ગીતો. | ગુજરાતી | ૦—૦—૬ |
| જૈન મંડળીમાં ગવાતાં ગાયનો. | ,, | ૦—૦—૬ |
| સિદ્ધાચળના ખમાસમણ. | ,, | ૦—૧—૦ |
| ભાવના સ્વરૂપ. (મોરબીનું) | ,, | ૦—૪—૦ |
| શત્રુંજયાદિ સ્તવન સંગ્રહ. | ,, | ૦—૧—૬ |
| ચોવીશી વીશી સંગ્રહ. | ,, | ૧—૮—૦ |
| દુનિયાનો સૌથી પ્રાચીન ધર્મની કિંમત રૂ.૧ ને બદલે | | ૦—૧૨—૦ |

For Private And Personal Use Only